ISSN: 2321- 4708
June. 2021, Year - 7 (98)
Paper ID: RR248547

# "પ્રકૃતિ અને માનવ : એકમેક માટે , એકમેક વડે .."

સમીર ભટ્ટ
પ્રાધ્યાપક,
ગુજરાતી વિભાગ,
સમર્પણ આર્ટ્સ કોલેજ, ગાંધીનગર

---

બાહર – અનિરુધ્ધ નકુમ

ઘને હરે વૃક્ષને ખીડકીસે
ચોરી સે ઝાંકતે
કહા ફુસફુસાતે
બાહર આઓ.
તુમ્હારા જાને કૌન
ખોહમે મેરી
યહ હસતાસા પથ્થર રખ ગયા હૈ
બાહર આઓ.
મેરા જાને કૌન
તુમ્હારે ઘરમે રોતા રાત ગયે.
એક રાત તુમ મુજ્મે હસ લો.
એક રાત મૈ રોલું
તુમ્હારે ઘરમે તુમ્હારે ઉસ મિત્રકી
તસવીરમેં ઝાંકતે વૃક્ષકે સાથ.
મૈ બાહર ગયા
વહાં વૃક્ષ ન થા.
પીછે દેખા

વહાં ઘર ન થા.

અનિરુધ્ધ ઉમટની આ કવિતા પ્રકૃતિ અને માણસ વચ્ચેના સંબંધની વિલક્ષણ છબિ રજુ કરે છે અને દર્શાવે છે કે કેવો છે આ સંબંધ .... તે કઈ ભૂમિકાએ સર્જાય છે અને એકના વિના બીજાની હાલત શું થાય છે. આ કાવ્ય આ બધા મુદ્દા સ્પષ્ટ કરે છે.

કાવ્યનો આરંભ કૈક જુદી જ રીતે થાય છે.પ્રકૃતિનો પ્રવેશ હવે આપણા જીવનમાં એકદમ ખુલ્લો- નર્યો નિખાલસ નથી.આપણી સાથેના તેના સંબંધમાં દંભ અને ઓટ ચાલે છે.આપણને સમય નથી અને સમય ન હોવાનો કોઈ અફસોસ પણ નથી.તેથી જ કાવ્યનો આરંભ આપણને ચોંકાવી મુકે છે.વૃક્ષ ચોરીછૂપીથી આપણા ઘરમાં પ્રવેશે છે. હુંફાળા સંવાદને સ્થાને – કહા કુસફૂસાતે – ઉમાશંકરે આધુનિક નગરના માનવની પ્રકૃતીવિયોગની છબિ કઈક આવી –સપાટ વિધાન લાગે તેવી –રીતે એક કવિતાના આરંભે જ ચીતરી છે. ‘વૃક્ષો સાથે વાત કરવાનો સમય રહ્યો નહી…’

અહી પણ ચોરીછુપીથી વૃક્ષ ઘરમાં આવી ગણગણે છે. નાયકને બહાર બોલાવે છે. વૃક્ષ નાયકને બહાર પોતાનો વૈભવ દેખાડવા નહી પણ ફરિયાદ કરવા બહાર બોલાવે છે. આ ફરિયાદમાં પાછો કરુણા-વેદનાનો સુર વ્યક્ત થાય છે. અસહાય વૃક્ષ વેદનામાં સીઝતું બોલી ઉઠે છે – ‘તુમ્હારા જાને કૌન , ખોહમેં મેરી,યહ હસતાસા પથ્થર રખ ગયા હૈ.’

વૃક્ષને ખબર છે કે માણસ સિવાય કોઈ આવું કૃત્ય ન કરે અને તકલીફ એ વાતની છે કે આ ફરિયાદ પછી માણસને જ કરવી પડે છે એને અરીસો દેખાડવો પડે છે. વૃક્ષની આ ફરિયાદ એટલે છે કે ‘મેરા જાને કૌન ,તુમ્હારે ઘરમે રોતા રાત ગયે.’

એક વૃક્ષને ઈજા પહોચાડીએ ત્યારે તેની અસર આખા જગતને થયા વગર રહે નહી.વૃક્ષમાંથી વૃક્ષ તો નીકળી જ જાય છે પણ સાથોસાથ માણસમાંથી માણસ પણ નીકળતો જાય છે.મ્લાન, અસહાય વૃક્ષ થોડો કટાક્ષ કરતા કહે છે – એક રાત તુમ મુઝ્મે હસ લો, એક રાત મૈ રો લું,ઘરમે તુમ્હારે તુમ્હારે ઉસ મિત્રકી ,તસવીરમેં ઝાંકતે વૃક્ષ કે સાથ ‘

ISSN: 2321- 4708
June. 2021, Year - 7 (98)
Paper ID: RR248547

માનવની વિચિત્રતા તો જુઓ? જે પ્રકુતિની એને કદર નથી જેના પ્રત્યે તે ક્રૂર બની ગયો છે તેના ચિત્રો તે પોતાના દીવાનખંડમાં શોભા માટે રાખે છે.આટલો જ સંબંધ તે રાખી શકે છે . આપણા એક કવિ પ્રિયકાંત મણિયારની એક કવિતામાં પણ આ વાત બહુ રસપ્રદ રીતે મૂકાઈ છે..જુઓ – પહેલા પ્રથમ મુજને વિહંગો બહુ ગમે – અને પછીની પંક્તિ- ‘આ પડ્યા ટેબલ ઉપર ,રંગહીન રૂ ના કબુતર ‘ એથી આગળ...’કોણ એવું માનવી કે ફૂલ જેને નાં ગમે?- આ પડ્યા ફૂલદાનીમાં ,ખીલ્યા ન તે કરમાય ક્યાંથી ,તે નર્યા પ્લાસ્ટીકના’

આવો સંબંધ હવે પ્રકૃતિ સાથે આપણો રહ્યો છે અને તેનું પરિણામ કેવું ભયંકર આવે? કવિ અનિરુધ્ધ ઉમટની કવિતાનો અંત જુઓ - મેં બાહર ગયા , વહા વૃક્ષ ન થા , પીછે દેખા , વહા ઘર ન થા’

વૃક્ષ – પ્રકૃતિ નથી તો માણસ નથી.બંજર જમીનોમાં બહારો ન આવે.પ્રકૃતિનું લયબદ્ધ –તાલબધ્ધ ચાલતું ચક્ર આપણી અનિવાર્યતા છે.વૃક્ષનું ન હોવું એ માણસનું ન હોવું બની જવાનું છે.માટે જ પ્રકૃતિ માનવજીવનની ગરજ છે.માનવીય સંવેદનાનો વિસ્તાર છે.સૂર્ય,ચંદ્ર,તારા,ઝરણા,જંગલો,નદી,સરોવરો,...સકલ પ્રકૃતિ સાથે આપણે આપણી સંવેદનાઓ જોડ્યા કરીએ છીએ.જગતભરના સાહિત્યમાંથી –કળા માંથી પ્રકૃતિ બાદ કરી દઈએ તો? બાળક પહેલું ચિત્ર શેનું દોરે છે?આપણી સંવેદનાઓ પ્રકૃતિના માધ્યમે પ્રગટ થતી રહે છે. જો ગુલાબ જ નહી હોય તો પ્રેયસીને શું આપીશું?વરસાદ અને વરસાદમાં પલળીને લીલાછમ્મ બનતા વૃક્ષ આપણને કેવા હર્યાભર્યા રાખે છે? આપણને આ ચેતવણી મળે છે...એટલે જ આ કવિતા હૃદયમાં વસી જાય છે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-98-june-2021/RRJ248547